RIGHT TO INFORMATION

અપીલ અરજી નં.૬૬૨ તા.૨ –૩–૧૨
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદાર:– શ્રી અરૂણ એસ. પાઠક
સામાવાળા :– સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી–લીંબાયતઝોન,
એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જહેર માહિતી અધિકારી–ઉધનાઝોન,
એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી–વરાછાઝોન

**ફરીયાદની હકીકત:–**

વિષય:– આરટીઆઈ એકટ હેઠળ શ્રી અરૂણ એસ. પાઠકની તા. ૨૧–૦૧–૧૨ની અરજીથી મુદ્દા નં. (૧) તા. ૧૧–૧૧–૧૧ના રોજ મ્યુનિ.કમિશનરશ્રી સુરતને સંબોધીને ઉધના રોડ નં.૫ પર આવેલ ભગવતિ આર્કેડ નામની બિલ્ડીંગના પરીસરમાં ઢગલા બંધ કચરાનો નિકાલ કરાવવા તથા બિલ્ડીંગમાં થયેલ ગેરકાયદેસર બાંધકામ દુર કરાવવા બાબતની અરજીમાં સુરત મહાનગરપાલિકા દ્વારા જે પણ કાર્યવાહી કરવામાં આવેલ હોય તેની સંપુર્ણ વિગતવાર માહિતી આપશો. વિ. મુદ્દા નં. (૧)થી (૮)ની માહિતી આપવા બાબત.
સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા. ૨–૩–૧૨ ની **SMC/FAP/** નં.૬૬૨/૨૦૧૧–૧૨

શ્રી અરૂણ એસ. પાઠકની તા. ૨૧–૦૧–૧૨ની અરજીથી મુદ્દા નં. (૧) તા. ૧૧–૧૧–૧૧ના રોજ મ્યુનિ.કમિશનરશ્રી સુરતને સંબોધીને ઉધના રોડ નં.૫ પર આવેલ ભગવતિ આર્કેડ નામની બિલ્ડીંગના પરીસરમાં ઢગલા બંધ કચરાનો નિકાલ કરાવવા તથા બિલ્ડીંગમાં થયેલ ગેરકાયદેસર બાંધકામ દુર કરાવવા બાબતની અરજીમાં સુરત મહાનગરપાલિકા દ્વારા જે પણ કાર્યવાહી કરવામાં આવેલ હોય તેની સંપુર્ણ વિગતવાર માહિતી આપશો. વિ. મુદ્દા નં. (૧)થી (૮)ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨–૩–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા /ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો સ્પષ્ટ કરવા** પત્ર નં. આરટીઆઈ સેલ/ ૧૯૭૪ તા. ૧૩–૩–૧૨થી જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન, જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન, જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તથા અરજદારને અપીલ તબદીલીની કોઈ વિગતો તેમની કક્ષાએ હોય તો પક્ષકાર જાહેર માહિતી અધિકારી તે આધારે જણાવવા સાથે અપીલ દરમ્યાન માહિતી મળે તો તે બાદ નારજગી અંગે આધાર સહ તેમનો પક્ષ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન(આકારણી) તરફથી પત્ર નં. સા.ઝોન/અકણ/આરટીઆઈ/૧૬૨૯ તા. ૧૯–૩–૧૨થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ,અરજદારની મૂળ અરજીની નકલ, અરજદારને આપેલ માહિતીના પત્ર નં. સા.ઝોન/અકણ/આરટીઆઈ/૧૫૬૨ તા. ૩–૩–૧૨ના પત્રની નકલ અત્રે મળેલ છે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન (આરોગ્ય)તરફથી પત્ર નં. સા.ઝોન/આ.નં./૨૦૪ તા. ૨૩–૩–૧૨ના પૂરક પત્રથી અરજદારને આપવામાં આવેલ માહિતી અંગે પત્ર નં. સા.ઝોન/આરોગ્ય/૨૦૪ તા. ૨૩–૩–૧૨ના પત્રની નકલ, મૂળ અરજીની નકલ, નોંધ વિભાગ,માનવ કલ્યાણ જનસેવા ટ્રસ્ટે ઉધના વોર્ડ ઓફિસને તા. ૨૭–૯–૧૧ના રોજ પાઠવેલ પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી પત્ર નં. ઈઝેડ/આરટીઆઈ/આ.નં./૯૭૮ તા. ૨૩–૩–૧૨થી પૂરક વિગતોમાં અરજદારની મૂળ અરજીની નકલ, અરજજદારની મ્યુ. કમિશનરને તા. ૧૧–૧૧–૧૧ તથા કાર્યપાલક ઈજનેર વરાછાને તા. ૨૯–૧૧–૧૧ ની અરજીની નકલ તથા અખીલેશ તિવારીએ તા. ૯–૧૨–૧૧ની ઉધનાઝોનને કરેલ અરજીની નકલ , લીંબાયતઝોનને તા. ૩–૧૨–૧૧ના રોજ કરેલ અરજીની નકલ, અરજદારને આપવામાં આવેલ માહિતી અંગે પત્ર નં. ઈઝેડ/આરટીઆઈ/આ.નં./૯૭૮ તા. ૧૯–૩–૧૨ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે લીંબાયતઝોન તરફથી કોઈ પૂરક વિગતો મળેલ નથી. જયારે અરજદાર તરફથી પત્ર નં. ૧૬–૩–૧૨થી પૂરક પત્રમાં ઉધનાઝોન તરફથી અરજદારને પાઠવવામાં આવેલ પત્રનં. સા.ઝોન/ટેક/૮૨૨ તા. ૨૪–૨–૧૨ના પત્રની નકલ તથા સા.ઝોન/અકણ/આરટીઆઈ/આ.નં./૧૫૬૨ તા. ૩–૨–૧૨ના પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા. ૨૧–૦૧–૧૨ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળ અરજદારે જુદી જુદી તારીખે કરેલી ફરીયાદ અરજી અગેની તેમજ ઉધનાઝોન અને પુણા બોમ્બે માર્કેટ રોડના બાંધકામ બાબતેની મુદ્દા નં. (૧) થી (૮)ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી મ્યુ. કમિશનશ્રીને સંબોધતી મધ્યસ્થ કચેરી સુરત મહાનગરપાલિકા ખાતે તા. ૨૧–૧–૧૨ના રોજ કરવામાં આવેલ. જે અંગે નિયત સમય અવધિમાં કોઈ માહિતી ન મળતા અરજદારે તા. ૨–૩–૧૨ના રોજ અપીલ અરજી કરેલ છે જેમાં અરજદારે નિયત સમયગાળામાં માહિતી ન આપતા અધિકારીઓ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવાની રજુઆત કરેલ છે. જેમાં મુદ્દા નં. (૧) તા. ૧૧–૧૧–૧૧ના રોજ મ્યુનિ.કમિશનરશ્રી

સુરતને સંબોધીને ઉધના રોડ નં.૫ પર આવેલ ભગવતિ આર્કેડ નામની બિલ્ડીંગના પરીસરમાં ઢગલા બંધ કચરાનો નિકાલ કરાવવા તથા બિલ્ડીંગમાં થયેલ ગેરકાયદેસર બાંધકામ દુર કરાવવા બાબતની અરજીમાં સુરત મહાનગરપાલિકા દ્વારા જે પણ કાર્યવાહી કરવામાં આવેલ હોય તેની સંપુર્ણ વિગતવાર માહિતી આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક/૮૨૨ તા. ૨૪–૨–૧૨થી નિયત સમય અવધિ બાદ" ઉધના ઉદ્યોગનગર રોડ નં. ૫ માં આવેલ ભગવતી આર્કેડની નામની બિલ્ડીંગમાં થયેલ ગેરકાયદેસર બાંધકામની વિગત ઉધનાઝોનના ઉપલબ્ધ રેકર્ડ પર જણાતી નથી. " તેવું જણાવેલ. જેમાં અરજદારે ખોટી અને અધુરી માહિતી બાબતે અપીલ તબક્કે પૂરક વિગતોમાં જણાવેલ. જે અંગે ખોટી હોવાના દાવાના કોઈ આધાર રજૂ કરેલ નથી. તેમજ અધુરી માહિતી અંગે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન(આરોગ્ય) તરફથી પત્ર નં. સા.ઝોન/આરોગ્ય/૨૦૪ તા. ૨૩–૩–૧૨થી નિયત સમય અવધિ બાદ " રોડ નં. ૫ ઉપર આવેલ ભગવતી આર્કેડ નામની બિલ્ડીંગના પરીસરમાં ઢગલા બંધ કચરાનો નિકાલ કરવા બાબત તા. ૨૬–૯–૧૧ના રોજ ઉધના સંઘ વોર્ડ ઓફિસના ઈનચાર્જશ્રીને સંબોધીને અરજી કરેલ છે જે બાબતે ઉધના સંઘ વોર્ડ ઓફિસ દ્વારા ભગવતી આર્કેડ બિલ્ડીંગના પરીસરમાં કચરો નાંખનારા આજુબાજુના રહીશો તથા દુકાનદારો પાસેથી તા. ૯–૧૦–૧૧ના રોજ રૂા. ૫૫૦/– નો વહીવટી પરચુરણ ખર્ચ વસુલ કરેલ છે તેમજ સાફ સફાઈ કરી ચેતવણી આપવામાં આવેલ છે." તેવું જણાવેલ. આમ અરજદારને બાંધકામ તેમજ આરોગ્ય બન્ને પ્રશ્નોની માહિતી જાહેર માહિતી અધિકારીએ વિના મૂલ્યે પુરી પાડેલ છે.

(૨) તા. ૨૯–૧૧–૧૧ના રોજ કાર્યપાલક ઈજનેરશ્રી વરાછાઝોનને સંબોધીને પુણા બોમ્બે માર્કેટ રોડ ઉપર આવેલ વિક્રમ નગર સોસાયટી–૪માં ખાડી પુરાણ કરી ગેરકાયદેસર બાંધકામ અટકાવી કાયદેસરના પગલાં લેવા બાબતે કરેલ અરજીમાં સુરત મહાનગરપાલિકા દ્વારા જે પણ કાર્યવાહી કરવામાં આવેલ હોય તેની સંપુર્ણ તથા વિગતવાર માહિતી આપશો. તેવા પ્રશન બાબતે જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી પત્ર નં. ઈઝેડ/ આરટીઆઈ/ આ.નં. / ૯૭૮ તા. ૧૯–૩–૧૨થી નિયત સમય અવધિ બાદ" આપના દ્વારા માંગવામાં આવેલ માહિતી વરાછાઝોનના રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી." તેવું જણાવેલ.

(૩) તા. ૯–૧૨–૧૧ના રોજ કાર્યપાલક ઈજનેરશ્રી ઉધના–સાઉથ ઝોન, સુરતને સંબોધીને બીનઅધિકૃત તથા ગેરકાયદેસર બાંધકામ તપાસ કરાવી કાયદેસર થવા બાબતે કરેલ અરજીમાં સુરત મહાનગરપાલિકા દ્વારા જે પણ કાર્યવાહી કરવામાં આવેલ હોય તેની સંપુર્ણ તથા વિગતવાર માહિતી આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સા.ઝોન/ટેક/૮૨૨ તા. ૨૪–૨–૧૨થી નિયત સમય અવધિ બાદ મુદ્દા નં. ૨ અને ૩ થી જણાવેલ " તા. ૯–૧૨–૧૧ વાળી ગેરકાયદેસર બાંધકામવાળી મિલકતની અરજી /થયેલ કાર્યવાહીની ચકાસણી દિન–૭માં ઉધનાઝોનની કચેરીએ આવી ઓફિસ સમય દરમિયાન કરી શકો છો તથા ઉધના સુરત વિસ્તારમાંના બીનઅધિકૃત/ ગેરકાયદેસર બાંધકામોને કાયદેસર થવા બાબતે કરવામાં આવેલ અરજીઓની ચકાસણી દિન–૭ માં ઉધનાઝોન કચેરીએ આવી ઓફિસ સમય દરમ્યાન કરી શકશો." તેવું જણાવેલ. જે અંગે અરજદારે પૂરક વિગતોમાં ખોટી અને અધુરી માહિતી ગેરમાર્ગે દોરવા માટે કરવામાં આવેલ છે તેવી રજુઆત કરેલ. પરંતુ અરજદારે જાહેર માહિતી અધિકારીના પ્રસ્તાવ અનુસાર માહિતી મેળવવા પ્રયત્ન કરેલ છે કેમ ? તેમજ પ્રયત્ન કર્યા બાદ કોઈ નારાજગી હોય તો તેવી વિગતો અરજદારને તક આપવા છતાં અપીલ તબક્કે રજૂ કરેલ નથી.

(૪) તા. ૩–૧૨–૧૧ના રોજ કાર્યપાલક ઈજનેરશ્રી લીંબાયતઝોન સુરતને સંબોધીને માર્કેટ વિસ્તારમાં અને મોડલ ટાઉન પોલીસ ચોકી પાછળ કબજા કરી બેસેલા ગેરકાયદેસર ચા–નાસ્તાની કેબીનો હટાવવા માટે બાબતે કરેલ અરજીમાં સુરત મહાનગરપાલિકા દ્વારા જે પણ કાર્યવાહી કરવામાં આવેલ હોય તેની સંપુર્ણ તથા વિગતવાર માહિતી આપશો. જેની કોઈ માહિતી અપાયેલ જણાતું નથી કે અપવાદ હેઠળ ઈન્કાર કર્યાનું જણાતું નથી.

(૫)પુણા બોમ્બે માર્કેટ રોડ ઉપર આવેલ વિક્રમનગર–૨ સર્વે નં. ૫૮૩/૫૮૪ માં આવેલ ૯ દુકાનો સાથેનું શોપીંગ સ ેન્ટર સોસાયટીની સી.ઓ.પી. જગ્યામાં હોય તેના ઉપરોકત જગ્યાએ ૯ દેકાનોનું બાંધકામ કયારે કરવામાં આવે છે તથા ઉપરોકત ૯ દુકાનો સાથેનું બાંધકામ કોનું છે તેના માલિકના નામ, સરનામા સાથે ઉપરોકત બાંધાકમ ઉપર કેટલી ફરીયાદો અરજીઓ થયેલ છે અને તે ઉપરોકત બાંધકામ ઉપર સુરત મહાનગરપાલિકા દ્વારા જે કંઈપણ કાર્યવાહી કરવામાં આવેલ હોય તેની સંપુર્ણ તથા વિગતવાર માહિતી આપશો.(ઉપરોકત ૯ દુકાનો સાથેના બાંધકામના ફોટો આ અરજી સાથે સંલગ્ન છે.) તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી પત્ર નં.ઈઝેડ / આરટીઆઈ/ આ.નં./ ૯૭૮ તા. ૧૯–૩–૧૨થી નિયત સમય અવધિ બાદ" આપના દ્વારા માંગવામાં આવેલ માહિતી વરાછાઝોનના રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી." તેવું જણાવેલ.

(૬) ઉધના એમ.જી.રોડ નં.–૩, ના શીવ પ્લાઝા એપાર્ટમેન્ટ પાસે આવેલ વલ્લભ નિવાસના નામે ઓળખાતી જગ્યાનું સર્વે નં., બ્લોક નં. શું છે તથા તેનું બાંધકામ કયારે થયેલ છે અને તેના બાંધકામને સુરત મહાનગરપાલિકા દ્વારા મંજુરી આપવામાં આવેલ છે કે નહીં જો મંજુરી આપેલ હોય તો મંજુરીની નકલ સાથેના દસ્તાવેજોની એટેસ્ટેડ નકલો સાથે વિગતવાર માહિતી આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી " ઉધના એમ.જી. રોડ નં. ૩, શીવ પ્લાઝા એપાર્ટ, પાસ ે આવેલ વલ્લભ નિવાસ નામે ઓળખાતી જગ્યાનો પ્લોટ નં. એ/૯/૧૪ છે સદર મિલકતનું બાંધકામ કયારે થયું તે રેકર્ડ ઉધનાઝોનમાં ઉપલબ્ધ જણાતો નથી. સદર બાંધકામના મંજુરી અંગેની વિગત ઉધનાઝોન ખાતે ઉપલબ્ધ જણાતી નથી. " તેવું જણાવેલ. જે માહિતી અરજદારને વિના મૂલ્યે પુરી પાડવામાં આવેલ છે.

(૭)ઉધના એમ.જી.રોડ નં.–૩, ના શીવ પ્લાઝા એપાર્ટમેન્ટ પાસે આવેલ વલ્લભ નિવાસના નામે ઓળખાતી દુકાનો સાથેના શોપીંગ સેન્ટરમાં કેટલી દુકાનો બંધાયેલ છે અને તે દુકાનો કયારે બંધાઈ છે તથા તે ઉપરોકત વલ્લભ નિવાસ શોપીંગની દુકાનો કાયદેસર છે કે ગેરકાયદેસર તેની તપાસ કરાવી સંપુર્ણ તથા વિગતવાર માહિતી આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં. સા.ઝોન/અકણ/આરટીઆઈ/૧૫૬૨ તા. ૩–૨–૧૨થી નિયત

સમય અવધિ બાદ " ઉધના એમ.જી.રોડ નં.–૩ શીવ પ્લાઝા એપા. પાસે આવેલ વલ્લભ નિવાસ ખાતે (૫) દુકાનો બંધાયેલ છે અને જે તા. ૧–૪–૧૯૯૬ થી ઉધનાઝોનના આકારણી દફતરે દાખલ છે." તેવું જણાવેલ.

(૮)ઉધના એમ.જી.રોડ નં.–૩, ના શીવ પ્લાઝા એપાર્ટમેન્ટ પાસે આવેલ વલ્લભ નિવાસના નામે ઓળખાતી દુકાનો સાથેના શોપીંગ સેન્ટરમાં આવેલ શોપ નં. ૫ ની દુકાન સાથે બીજી દુકાનો કેટલા ક્ષેત્રફળમાં બંધાયેલ છે તથા તે દુકાનોની આકારણી સમયે સુરત મહાનગરપાલિકા દ્વારા જે પણ દસ્તાવેજ સબમિટ કરવામાં આવેલ હોય તેની એટેસ્ટેડ નકલો સાથે વિગતવાર માહિતી આપશો. ( ઉપરોકત વલ્લભ નિવાસના નામે ઓળખાતી દુકાનોમાંથી શોપ નં. ૫ માં આવેલ મહાલક્ષ્મી એન્જીનીરીંગનું વિઝીટીંગ કાર્ડ માંગેલ માહિતના સમર્થનમાં સાથે સંલગ્ન છે.) તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી " વલ્લભ નિવાસ ખાતેની દુકાનોના ક્ષેત્રફળ અંગે ટેના.નં. ૨૭બી–૦૯–૧૮૯૧–૦–૦૦૬ થી ૨૭બી–૦૯–૧૮૯૧–૦–૦૧૦ ના અસલ પત્રકના પાના નંગ–૫ તથા આકારણી સમયે સામેલ કરેલ રીકવીઝીશન ફોર્મની નકલના પાના નંગ–૧ તથા આકારણી અધિકારીને લખેલ પત્રની નકલના પાના નંગ–૧ આ સાથે વિના મૂલ્યે સામેલ છે. " તેવું જણાવેલ.

અરજદારની પ્રથમ અપીલ તા.૨–૩–૧૨ ધ્યાને લેતાં ૩૧–૩–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૧૫–૪–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ૧૯૩ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૯૨ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસ પાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૨૧–૦૧–૧૨ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી મુદ્દા નં. ૪ બાબતે અરજદારની તા. ૩–૧૨–૧૧ની લીંબાયતઝોનને કરેલી અરજી બાબતે થયેલ કે ન થયેલ કાર્યવાહી બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પુરી પડાયેલ દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭માં પૂરી પાડવા સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી–લીંબાયતઝોનને જણાવવામાં આવેલ છે."

મુદ્દા નં. ૧ અંગે જાહેર સત્તા મંડળને અરજી આપેલ હોવા છતાં તે અંગે થયેલ– નહીં થયેલ કાર્યવાહીની નહીં આપેલ માહિતી દફતરી વિગતો દિન–૭માં કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે પુરી પાડવા તથા મુદ્દા નં. ૫ થી ૭ અંગે બાંધકામ રજીસ્ટર, ગેરકાયદેસર બાંધકામ ફરીયાદ રજીસ્ટર અને લાગત ફાઈલની તપાસણી અરજદારને દિન–૭માં વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ પુરી પાડી થયેલ કાર્યવાહીની જાણ અત્રે કરવા અનુક્ર મે એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી–વરાછાઝોન તથા એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી–ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

અરજદારે અપીલ તબક્કે પૂરક પત્રમાં જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી મુદ્દા નં. ૨ અને ૩ થી આપેલી માહિતી અંગે જાહેર માહિતી અધિકારીએ કરેલ પ્રસ્તાવ અનુસાર દફતરી ચકાસણી કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

અરજદારે અપીલ અરજીમાં નિયત સમયગાળામાં માહિતી ન આપતા અધિકારી વિરુદ્ધ કાર્યવાહી કરવાની કરેલી રજુઆત અંગે આરટીઆઈ એકટની કલમ–૨૦ મુજબ રાજય માહિતી આયોગ, સેકટર નં. ૧૮ ગાંધીનગર– ૧૮ ને હોઈ, તે અંગે અત્રેથી કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

(સી.વાય.ભટ્ટ)
ડે.કમિશ્નર
અને ત.એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૨

(૧) પ્રતિ, સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી–લીંબાયતઝોન, એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી–ઉધનાઝોન, એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી ....... જાણ તથા અમલ માટે

(૨) શ્રી અરૂણ એસ. પાઠક